ૐ સૂર્યાય નમઃ આદિત્ય, ભાનુ, ભાસ્કર, રવિ, સવિત એવા અનેક નામથી જેમની રોજ વહેલી સવારે પૂજા થાય છે તેવા ભગવાન સૂર્યનારાયણ ભગવાન રોજ દર્શન દેતા હાજરાહજુર દેવતા છે.પ્રભાત થતાં જ સૂર્યદેવના દર્શન થાય છે. આજે પ્રભાતે સૂર્યોદય સમયે લીધેલી તસ્વીર આભામંડલમાં માંગલિક અધકેરૂ દૃશ્ય નિહાળતાં જ આનંદ, ઉલ્લાસનો અહેસાસ થયા વિના રહેતો નથી. વહેલી સવારે સૂર્યોદય દરમિયાન સૂર્યનારાયણ ભગવાનની પૂજાનું વિશેષ મહત્વ છે.

મહેસાણાની મીર દીકરીનું મહેસાણામાં સન્માન

મહેસાણા નહી પરંતુ ગુજરાત અને આખા ભારત માટે એક ગોલ્ડ મેળવવાનું સપનું આજે પ્રથમ વાર સાકાર થવા ગયું છે આત્યાર સુધી માં બેડમિન્ટન સ્પર્ધામાં કોઈએ એશિયામાં અન્ડર ૧૫માં ગોલ્ડ મેળવ્યો હોય તેવો આ પ્રથમ પ્રયાસ છે જેમાં કોરિયા સાથેની બેડમિન્ટનમાં મહેસાણાની તસનીમ મીરે મીર મારીને સમગ્ર દેશમાં પોતાનું નામ રોશન કર્યું છે અને આજે તે મહેસાણા આવતા હજારોની સંખ્યામાં લોકોએ તેને વધાવીને શુભેચ્છા આપી હતી.

મહેસાણાની ૧૫ વર્ષની દીકરીએ મહેસાણા નહી પરંતુ ભારત અને ગુજરાતનું નામ મોખરાનું કરી બતાવ્યું છે મહેસાણાની આ તસનીમ મીરે બેડમિન્ટન સ્પર્ધામાં પહેલા પણ ભારતનું પ્રીનીધીત્વ કર્યું હતું અને તેને ગત અઠવાડિયે યોજાયેલી મેચમાં કોરિયાની ખેલાડીને પ્રથમ રાઉન્ડમાં ૨૩/૨૧ અને ૨૧/૧૮ થકી કોરિયાની ટીમને માત આપીને ભારત દેશનું અને મહેસાણાનું નામ રોશન કરીને ગોલ્ડ મેડલ મેળવ્યો હતો જયારે મહેસાણાની શ્રી સાર્વજનિક કેળવણી મંડળની આ ભણતી આ દીકરીનું સન્માન આજે કરવામાં આવ્યું હતું મોટી સંખ્યામાં મહેસાણાની ડીસ્ટ્રીક બેંક પાસે સ્થાનિક લોકો ભેગા થયા હતા અને ઢોલ નગારા સાથે તેને વધાવી લીધી હતી આજે તસનીમના પરિવારમાં ખુશીનો કોઈ અંત નથી અને હજુ પણ તે આગળ વધે તેવા પ્રયાસ કરવામાં આવશે તેવું તેના પિતાનું માનવું છે. મિલનભાઈ ચોધરી શાળાના ટ્રસ્ટીએ જણાવ્યું હતું. આજે દેશને ગર્વ લેવા જેવી બાબત એ છે કે મહેસાણાની તસનીમ મીરે મીર મારીને દેશનું નામ રોશન કર્યું છે તેને ભારતની બેડમિન્ટન ખેલાડી તસનીમ મીરે એશિયન ચેમ્પિયન બનીને સમગ્ર ભારત મહેસાણાનું નામ રોશન કર્યું છે. તસ્લિમ મીરના પિતા પણ બેડમિનટન કોચ રહી ચૂકયા છે આજે તેમણે પોલીસમાં નોકરી કરીને નામના મેળવી છે. મહેસાણાની તસનીમ મીર એશિયન ચેમ્પિયન બનતા પરિવાર ભારે ખુશ થવા ગયો છે. તસ્લિમ મીર મૂળ મહેસાણાના ચામુંડાનગર પાસે રહે છે અને તેના પિતા ઈરફાન મીરને આજે ભારે ખુશી છે કે તેની દીકરીએ તેના પિતાનું નામ રોશન કર્યું છે. મહેસાણાની રહેવાસી પ્રથમ મ્યાનમારમાં યોજાયેલી ટુર્નામેન્ટમાં ચેમ્પિયન થઈ હતી.

આજે તે કોરિયા સાથે ફાઈનલ રમીને જીત મેળવી છે, જયારે તેને પહેલા જાપાન, થાઈલેન્ડ, નેપાલને માત આપી હતી અને આજે કોરિયાને હરાવીને તેને એશિયા કપમાં પ્રથમ વાર ગોલ્ડ મેડલ મેળવ્યો છે. ઈરફાન મીર તસનીમના પિતા, તસનીમ મીર ખેલાડીએ જણાવ્યું હતું. આ ગોલ્ડ મેડલ ઈન્ટર નેશન અન્ડર ૧૫ કક્ષામાં મેળવવામાં આવ્યો છે. તે મહેસાણા માટે એક ગોરવની વાત છે મહેસાણા નહી પરંતુ ગુજરાત અને આખા ભારત માટે એક ગોલ્ડ મેળવવાનું સપનું આજે પ્રથમ વાર સાકાર થવા ગયું છે આત્યાર સુધીમાં બેડમિન્ટન સ્પર્ધામાં કોઈએ એશિયામાં અન્ડર ૧૫ માં ગોલ્ડ મેળવ્યો હોય તેવો આ પ્રથમ પ્રયાસ છે જેમાં કોરોયા સાથેની બેડમિન્ટનમાં તેમણે પ્રથમ રાઉન્ડમાં ૨૩/૨૧ અને ૨૧/૧૮ થકી કોરિયાની ટીમને માત આપીને દેશનું અને મહેસાણાનું નામ રોશન કરીને ગોલ્ડ મેડલ મેળવ્યો હતો અને હજુ પણ તે આગળ જશે તેવું તસનીમ મીરે જણાવ્યું હતું.

વડગામમાં મોબાઈલની દુકાનના માલિક પર બે ઈસમો દ્વારા હુમલો

વડગામમાં બસસ્ટેન્ડ પર આવેલા કોમ્પ્લેક્સમાં મોબાઈલની દુકાન આવેલી છે. ત્યારે ધોળા દિવસે બે ઈસમો આવી મોબાઈલના દુકાન મલિક પર જાન લેવા હુમલો કર્યો હતો. ત્યારે વડગામ માં પોલીસ સ્ટેશન આવેલું હોવા છતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોય તેવું દુકાનદારોમાં ચર્ચાઈ રહ્યું છે.

વડગામ તાલુકામાં છેલ્લા કેટલાય સમયથી ચોરીઓ, ગુંડાગર્દી જેવા બનાવો વધવા લાગ્યા છે. તેમ છતાં પોલીસ હજુ ઘોર નિંદ્રા છે. અને તાલુકા મથક વડગામમાં પોલીસ સ્ટેશન આવેલું છે. તેમ છતાં શુક્રવારે ધોળા દિવસે બસસ્ટેન્ડ પર આવેલા શિવમ કોમ્પ્લેક્સમાં મેહુલભાઈ પ્રવીણભાઈ શ્રીમાળી ની મોબાઈલની દુકાન આવેલી છે. ત્યારે શુક્રવારે બપોરના સમયે કોઈ બે ઈસમો ધોકા લઈ અચાનક દુકાન માં ઘૂસી ગયા હતા. અને મેહુલભાઈ માર માર્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપી,દુકાનમાં તોડફોડ કરી હતી. મેહુલભાઈ એ બુમાબુમ કરતા આજુબાજુ ના લોકો દોડી આવી છોડાવી તાત્કાલિક સારવાર માટે વડગામ સીએસસીમાં લઈ ગયા હતા. ત્યાં ફરજ પરના ડોકટરે સારવાર હાથ ધરી હતી.ત્યારે વડગામમાં બસ સ્ટેન્ડ પર ધોળા દિવસે આવી ઘટના બનતા લોકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.અને વડગામ માં પોલીસ સ્ટેશન આવેલું હોવા છતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોય તેવું દુકાનદારોમાં ચર્ચાઈ રહ્યું છે. ત્યારે જલ્દીથી વડગામ પંથકમાં આવા ઈસમો સામે પોલીસ કાર્યવાહી કરે તેમ લોકોનું કહેવું છે. ત્યારે આ અંગે મોબાઈલની દુકાનના મલિક મેહુલભાઈ ના પિતા પ્રવીણભાઈ શ્રીમાળીએ જણાવ્યું હતું આવેલા બે ઈસમો એ જાનથી મારી નાખવાની ધમકી આપી અને મારા છોકરાને માર માર્યો અને દુકાનમાં ૫૦ થી ૬૦ હજાર રૂપિયાનું નુકસાન કરી નાસી છૂટ્યા છે.ત્યારે પોલીસે આવા લોકોને છાવરવાની જગ્યાએ તેમની સામે કડક પગલાં લેવા જોઈએ જેથી કરીને લોકોને પોલીસ પર વિશ્વાસ રહી શકે.

પોલીસ ઘોર નિંદ્રામાંથી જાગે તેવું લોકોનું કહેવું છે

છેલ્લા કેટલાય સમયથી વડગામ પંથકમમાં ચોરીઓ, ગુંડાગર્દી શહિતની ઘટના વધવા લાગી છે. અને વડગામમાં ધોળા દિવસે આવી ઘટના બનતા લોકો માં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. ત્યારે આ અંગે લોકોનું કહેવું છે પોલીસ હવે ઘોર નિંદ્રા માંથી જાગે અને પોતાનું કામ કરે.

જિલ્લા પ્રભારી તરીકે મુક્તેશ્વર ચામુંડા માતાજીના મહંત શ્રી મધુરગિરિ બાપુની નિયુક્તિ

કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલનના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ રાકેશ નરવરજી ની અનુમતિથી કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન ગુજરાત પ્રદેશ અધ્યક્ષ મુકેશભાઈ દરજીએ બનાસકાંઠા જિલ્લા કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલનના જિલ્લા પ્રભારી તરીકે મુક્તેશ્વર ચામુંડા માતાજીના મહંત શ્રી મધુરગિરિ બાપુની નિયુક્તિ કરતા બનાસકાંઠામોં આનંદની લાગણી છવાઇ છે.

માહી ગ્રામ પંચાયતના ઉપસરપંચની ચૂંટણી યોજાઈ

વડગામ તાલુકા ના માહી ગ્રામ પંચાયત ના ઉપસરપંચ ની ચુટણી શુક્રવારના માહી પંચાયત ખાતે યોજાઈ હતી. જેમા વડગામ તાલુકા પંચાયત ના વિસ્તરણ અધિકારી ભરતભાઈ પટેલ,ગામના સરપંચ, તલાટી કમ મંત્રી મહેશભાઈ કટારિયા,પંચાયત ના તમામ સદસ્યશ્રીઓ, સહીત હાજર રહીને ગામના ઉત્સાહી સામાજિક કાર્યકર અને પંચાયત સદસ્યશ્રી બાબુલાલ નાથાભાઈ જગાણીયા ની માહી ગ્રામ પંચાયત ના ઉપ સરપંચ પદે બિનહરીફ વરણી કરવામા આવી હતી બાબુલાલ જગાણીયાની ઉપસરપંચ પદે વરણી થતાં ગ્રામજનો મા આનંદ ની લાગણી પ્રસરી હતી.

ડીસા સ્પોર્ટ્સ કલબમાં નવરાત્રી મહોત્સવની રંગત

ડીસા ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી મહોત્સવની ઉજવણી થઈ રહી છે.શહેરમાં દર વર્ષે સ્પોર્ટ્સ કલબના ગરબા આકર્ષણનું કેન્દ્ર બને છે ત્યારે આ વર્ષે સ્પોર્ટ્સ કલબના નવરાત્રી મહોત્સવમાં શુક્રવારે રાત્રે ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાએ આદ્યશક્તિની આરતી ઉતારી હતી. આ પ્રસંગે ડીસા નગરપાલિકાનાં પ્રમુખ શિલ્પાબેન સોલંકી, સ્પોર્ટ્સ કલબના ઓ. કિશોરભાઈ આસનાની, મનોજભાઈ પટેલ, સંજયભાઈ ગેલોત સહિત અન્ય અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાચીન નવરાત્રી આધુનિકતાના રંગે રેલાઈ : શેરી ગરબા અને માંડવડી ભુલાઈ

હિંમતનગર, તા. ૧૩

દેશ અને વિદેશમાં અત્યારે આસો નવરાત્રી ઉજવાઈ રહી છે. ત્યારે તેમાંય ખાસ કરીને ઉત્સવપ્રિય ગણાતા ગજ્જુઓ છેલ્લા કેટલાંક વર્ષોથી નવરાત્રીને ભક્તિના રંગ સાથે આધુનિકતાના રંગે રંગી દઈ શેરી ગરબાને ભુતકાળ બનાવી રહ્યા છે. ત્યારે ધીરે ધીરે ગામડા અને શહેરોમાં ગામચોક કે સોસાયટીના નાકે મુકાતી માંડવડી ખુબજ ઓછી જોવા મળી રહી છે.

આધુનિકતાના રંગે રંગાઈ ગયેલી નવરાત્રી હવે તો જાણે કે દેખાડા કરવાનો તહેવાર બની ગયો હોય તેમ ગરબે રમવા જતુ યુવાધન જાણે કે સારા દેખાવાની હરીફાઈ કરવા જઈ રહ્યુ છે. અગાઉ નવરાત્રીના તહેવારને પવિત્ર અને આરાધનાનુ પર્વ સમજીને

ભક્તિભાવપૂર્વક ઉપવાસ કરીને પુરૂષ કે સ્ત્રી પોતાના ધર્મની મર્યાદા રાખતા હતા પરંતુ ગામડાઓમાં વર્ષો અગાઉ જયારે લાઈટની સગવડ ન હતી ત્યારે સમસ્ત ગામના પુરૂષો અને મહીલાઓ રાત્રે ગરબાચોકમાં આવીને હાથતાળી સાથે માઈક વગર ગરબા ગાતા હતા જે આખા ગામમાં સંભળાતા હતા ત્યારે આજની જેમ ઠઠ્ઠા મશ્કરી કે છેડતી નામની ચીજને કોઈ ઓળખતુ પણ ન હતુ જયારે અત્યારે નવરાત્રી દરમ્યાન શુ થઈ રહ્યુ છે તે કહેવાની જરૂર નથી.

અત્યારના જમાનામાં નવરાત્રી પર્વને મનાવવા માટે ગરબાચોકમાં આવતી યુવતીઓ અને મહીલાઓને તેમની સલામતીનો પ્રશ્ન સતાવી રહ્યો છે. ત્યારે જો તેના માટે ઘરમાં કે પરીવારમાં સારા સંસ્કારોનું સિંચન કરાયુ હશે તો અનિચ્છનીય બનાવોમાં ઘટાડો થઈ શકે તેમ છે. અત્યારે ઉજવાઈ રહેલ નવરાત્રીમાં જુના ગરબાને બદલે ફિલ્મી ગીતો આધારીત ગરબા ધુમ મચાવી રહ્યા છે. ત્યારે આજની યુવા પેઢીને પેલી ગુજરી ગરબો એટલે શું? તે પુછવામાં આવે તો તેનો જવાબ કદાચ યુવા પેઢી નહી આપી શકે. નવરાત્રીની આઠમે દરેક જ્ઞાતિમાં માતાજીનું હવન કરી પરંપરા મુજબ જે કોઈ આહુતી આપવામાં આવતી હતી. તેનું તાત્પર્ય શુ છે તે આજની પેઢીને ખબર હશે કે નહી તે તો મા અંબા જાણે.

ડીસાના ગણપતિ મંદિરે મૂષક રાજાની સ્થાપના

ડીસા શહેરના રાજીવ ગાંધી કોમ્પ્લેક્સમાં આવેલા શહેરના એક માત્ર વિઘ્નહર્તા ડીસાના રાજા મંદિરે ગણપતિ દાદાના વાહન મૂષકની ગતરોજ વિધિવત રીતે સ્થાપના કરાઈ હતી. આ પ્રસંગે વિઘ્નહર્તા ગણપતિ મંદિરે યજ્ઞનું પણ આયોજન કરાયુ હતું. મૂષકની મૂર્તિ તથા હવનના દાતા તરીકેનો લાભ કલ્પેશભાઈ પ્રભુદાસભાઈ સોની તેમજ પ્રસાદના દાતા તરીકેનો લાભ રામાજીભાઈ ઓખાજી સોનીએ લીધો હતો. મંદિરના કાર્યકર્તા રામરતનભાઈ સોની સહિત અન્ય અગ્રણીઓ અને ભાવિકોએ યજ્ઞમાં આહુતિઓ આપી મૂર્તિની સ્થાપના કરી હતી.

બીરસા મુંડા ટ્રાયબલ યુનિ.માં સ્ટાફ ભરતીમાં અનામત નીતિ નેવે મુકાઈ ?

હિંમતનગર, તા. ૧૩

સમગ્ર ગુજરાતમાં અત્યારે અંદાજે ૯૦ લાખ વનવાસી (આદિવાસી) સમાજને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૪માં નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે બીરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. જેમાં સ્ટાફ ભરતી માટે તાજેતરમાં એક દૈનિકપત્રમાં ૧૮ જગ્યાઓ ભરવા માટે જાહેરાત પ્રસિદ્ધ કરાઈ હતી. પરંતુ આ ટ્રાયબલ યુનિ. અનામત નીતિને નેવે મુકાઈ હોવાનો ઉત્તર ગુજરાત યુનિ.ના પૂર્વ સેનેટ સભ્યએ આક્ષેપ કરી તે અંગે સરકારનું ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યો છે.

આ અંગે પૂર્વ સેનેટસભ્ય નિતીન સાધુએ કરેલા આક્ષેપમાં જણાવાયા મુજબ રાજપીપળા ખાતે ચાલતી બીરસા મુંડા ટ્રાયબલ યુનિ.માં તાજેતરમાં ડેપ્યુટી રજીસ્ટાર, લીગલ ઓફીસર, આશીસ્ટન્ટ રજીસ્ટાર, કેશિયર કમ સેક્સન ઓફીસર, હેડ ક્લાર્ક, સીનીયર ક્લાર્ક જેવી ૧૮ જગ્યાઓ માટે તાજેતરમાં દૈનિકપત્રમાં પ્રસિદ્ધ કરાયેલ આ તમામ જગ્યાઓ જનરલ કેટેગરીની હોવાનો ઉલ્લેખ કરાયો છે. જેના કારણે ટ્રાયબલ યુનિ.માં એક પણ જગ્યા અનુસૂચિ જાતિ, અનુસૂચિત જનજાતિ કે સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે અનામત રાખેલ નથી જેના કારણે આ જાહેરાતમાં અનામત નીતિનું પાલન થયુ નથી તેવુ ફલિત થઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં છેલ્લા કેટલાંક વખતથી ચાલી રહેલા અનામત આંદોલનને ઝાઝી સફળતા મળી નથી અને સરકાર દ્વારા સવર્ણોને જે લાલચરૂપે લોલીપોપ અપાઈ છે તેના કારણે સવર્ણોની સરકાર પ્રત્યે સ્પષ્ટ નારાજગી દેખાઈ રહી છે. ત્યારે બીરસા મુંડા ટ્રાયબલ યુનિ.ની સ્ટાફ ભરતી જાહેરાતમાં અનામતનીતિ નેવે મુકાઈ છે. તે જોતા એવો ભાસ પ્રજામાં પ્રવર્તી રહ્યો છે કે શુ અનામત નાબુદ કરવાની પહેલ ગુજરાતમાંથી થઈ ગઈ છે ? જો એ સાચુ હશે તો આગામી સમયમાં ગુજરાતમાં ઘણી બધી નવાજુની જોવા અને સાંભળવા તથા અનુભવવા મળે તો નવાઈ નહી.

પ્રાંતિજ ખાતે જુનિયર આસીસ્ટન્ટની એકઝામમાં સર્વર ડાઉન

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ગ્લોબલ ઈન્સ્ટિટયૂટ ખાતે લેવાઈ રહેલ જુનિયર આસીસ્ટન્ટની પરીક્ષા દરમ્યાન સર્વર ડાઉન થતાં પરીક્ષાર્થીઓએ હોબાળો મચાવ્યો હતો. પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ ગ્લોબલ ઈન્સ્ટિટયૂટ ખાતે યુજીયલ દ્વારા લેવાઈ રહેલ જુનિયર આસીસ્ટન્ટની પરીક્ષા દરમિયાન અવારનવાર સર્વર ડાઉન થતાં પરીક્ષા આપી રહેલ વિધાર્થીઓ દ્વારા ચાલુ પરીક્ષાએ પરીક્ષાનો બહિષ્કાર કર્યો

હતો. ૫૦ જેટલાં વિદ્યાર્થીઓએ સર્વર ડાઉન થવાને લઈને બહાર નિકળી ગયાં હતાં અને બહાર નિકળી હોબાળો મચાવ્યો હતો. અવાર-નવાર પરીક્ષા દરમ્યાન સર્વર ઠબ થતાં પરીક્ષાર્થીઓએ ચારુ પરીક્ષાએ પરીક્ષાનો બહિષ્કાર કર્યો હતો અને ફરી પરીક્ષા લેવાય તેવી માંગ સાથે હોબાળો કરતાં સંચાલકો દ્વારા પોલીસ બોલાવી હતી. પ્રાંતિજ પીએસાઈ એમ.બી. ગજ્જર પોલીસ ટીમ સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને વિદ્યાર્થીઓને સમજાવ્યા હતા. બીજી તરફ સંચાલકો સાથે વાતચીત કરી બહાર નિકળેલ વિદ્યાર્થીઓને ફરી પરીક્ષા આપવાનું અને સર્વ બંધ નહી થાય તેવી સંચાલકો દ્વારા પોલીસને બાંહેધરી આપતાં વિદ્યાર્થીઓને ફરી પરીક્ષા આપવા સમજાવટ બાદ મામલો થાળે પડ્યો હતો.

ઉનાવા ગામે મિરાદાતારની દરગાહે ઉર્સનો મેળો યોજાયો

ઊંઝા નજીકના ઉનાવા ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ મીરાંદાતારની દરગાહે ઉર્સ ખાતે મેળો યોજાયો હતો. આ ઉર્સમાં દેશભરમાંથી વિવિધ ધર્મના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. કોમી એકતાના પ્રતિક સમા આ મેળામાં પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવાય છે. વર્ષે અપુરતા પોલીસ બંદોબસ્તને કારણે સંદલની રાત્રે દરગાહ વિસ્તારમાં એકત્ર થયેલ શ્રદ્ધાળુઓની ખાસ્સી ભક્તો ગેરલાભ ઉઠાવીને ખિસ્સાકાતરૂઓ અને ગઠિયાઓએ કેટલાયે યાત્રિકોના ખિસ્સા હળવા કર્યા હોવાનું તેમજ મોબાઈલ ફોનની ઉઠાંતરી કરી હોવાના કિસ્સાઓ બન્યા હોવાનું જાણવા મળેલ છે. ખિસ્સા કાતરૂણો, ગઠિયાઓનો ભોગ બનેલ યાત્રિકો બહારના હોઈ તેઓએ પોલીસ ફરિયાદો કરવાનું ટાળ્યુ હોવાનું ચર્ચાય છે. મીરાંદાતારના મેળા દરમિયાન ગામમાંથી પસાર થતા જૂના હાઈવે પર ટ્રાફિકને નિયંત્રિત કરવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડ્યું હતું. ટ્રાફિકજામના દશ્યો સર્જાયા હતા. બીજુ ટ્રાફિક નિયમન કરવામાં નિષ્ફળ નિવડેલ પોલીસે સત્તાના જોરે બાયપાસ હાઈવે પર ગામના પ્રવેશ દ્વારો પર બેરીકેટ મુકીને એસ.ટી. બસોને પણ ગામમાં પ્રવેશવા ન દેતાં આસપાસના ગ્રામ્ય વિસ્તારના મુસાફરો સહિત બહારના યાત્રિકો અને સ્થાનિક મુસાફરોને પારાવાર મુશ્કેલી વેઠવી પડી હતી.